# *Strategic Media Services*

**Public Relations and Communication Firm**

| | | | |
|---|---|---|---|
| **Publication** | Jaihind | **Edition** | Ahmedabad |
| **Date** | 13 Oct '09 | **Page Number** | 10 |

# 'નીયો'માં છ મહિના ભારતની ક્રિકેટ મેચો નિહાળવા મળશે

અમદાવાદ તા.૧૨

સતત છ મહિના સુધી નીયો ક્રિકેટ ચેનલ ભારતની મેચોનું પ્રસારણ કરનાર છે.

આ બાબતે માહિતી આપતા નીયો સ્પોર્ટસ બ્રોડકાસ્ટ પ્રા.લિ.ના માર્કેટીંગ એન્ડ કોમ્યુ.ના વડા અભિષેક વર્માએ જણાવ્યું હતું કે ભારતની ક્રિકેટ ટીમ રમતી હોય ત્યારે દર્શકો તે મેચો નીહાળવાનું ચૂકતા નથી. આ ચેનલ ઉપર સતત છ મહિના ભારતની ટીમ રમતી તમે નિહાળી શકશો.

ટૂંક સમયમાં ઓસ્ટ્રેલિયા ભારત વન-ડે શ્રેણી ત્યારબાદ નવેમ્બરમાં ભારત-શ્રીલંકાની ટેસ્ટ શ્રેણી ૨૦૧૦માં ભારત-શ્રીલંકા અને બાંગ્લાદેશ વચ્ચેનો ત્રિકોણીય જંગ તેમજ ફેબ્રુઆરી-૧૦માં ભારત-દ.આફ્રિકાની ટેસ્ટ શ્રેણી દર્શાવાશે.

અમે 'દેખ લેગા ઈન્ડિયા' નો હરભજનસિંઘ દ્વારા પ્રચાર ચલાવી રહ્યા છે. તે અમારી ચેનલનો બ્રાન્ડ એમ્બેસેડર છે. તેઓએ જણાવ્યું હતું કે દેશમાં સૌથી વધુ ક્રિકેટ ગુજરાતમાં લોકપ્રિય છે.